

## વસંતોત્સવમાં "ગણેશ વંદના"ની મનમોહક પ્રસ્તુતિ

સંસ્કૃતિ કુંજ ખાતે દેશભરના વિવિધ પ્રાંતના લોકનૃત્યો સહિત ગુજરાતમાં રત્નો જેવા કલાકારો પણ પોતાની કળા પ્રદર્શિત કરી રહ્યાં છે. શનિવારે વસંતોત્સવમાં અમદાવાદની ક્રિષ્ના ડાન્સ એકેડમીના સ્થાપક રાધિકા મારફતિયાના ગ્રુપે "ગણેશ વંદના"ની મનમોહક પ્રસ્તુતિ કરી હતી. પરંપરાગત વસ્ત્રો અને સામગ્રી સાથે સેમી ક્લાસિકલ શ્રેણીમાં આવતી આ કૃતિમાં ચિત્રકળા સાથે નૃત્યના ફ્યુઝનને પ્રસ્તુત કરવામાં આવ્યું હતું જેને દર્શકો તરફથી પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો હતો.

# વાવોલ અને સરગાસણમાં ગુડા ૯૯૩ આવાસો બાંધવા માટે ટુંકમાં કામ શરૂ કરશે

### આર્થિક રીતે નબળા પરિવાર માટે ગુડા દ્વારા વાવોલમાં હાલ ૩૨૦ આવાસો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે જયારે હજુ નવા મકાનો બાંધવા માટે ટુંકમાં કામગીરી શરૂ કરાશે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણ અને વાવોલમાં આર્થિક રીતે નબળા પરિવારના સભ્યો માટે નવા આવાસો બાંધવાનુ આયોજન કરાયુ છે. હાલ વાવોલમાં ૩૨૦ આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. જયારે હવે વાવોલ અને સરગાસણમાં હજુ નવા ૯૯૩ આવાસો બાંધવા માટે ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. જેની પાછળ અંદાજિત રૂ ૮૫.૨૯ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા સરગાસણ, વાવોલમાં આર્થિક રીતે નબળા વર્ગ માટે આવાસો બાંધવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આર્થિક રીતે નબળા પરિવાર માટે એક બેડરૂમ, હોલ કીચનના ફ્લેટ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેની કીંમત રૂ ૫.૫૦ લાખની રહેશે. ગુડા દ્વારા અંદાજિત ૨૧૦૦ જેટલા આવાસો તૈયાર કરાશે. સરગાસણમાં ૬૨૪ અને વાવોલમાં ૩૬૯ આવાસ બાંધવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે આવાસો બાંધવા માટે રૂ ૮૫.૨૯ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. ગુડાની ટાઉન પ્લાનીંગ સ્કીમ નં -૯ સરગાસણ વિસ્તારમાં સ્થિત ફાઈનલ પ્લોટ નં ૧૪૯ માં ઈકોનોમિક વિકર સેકશન અંતર્ગત ફલેટ ટાઈપ આવાસ બાંધવામાં આવશે. જયારે ટી પી સ્કીમ નં -૧૩ વાવોલ વિસ્તારમાં ફાયનલ પ્લોટ નં ૨૭૧ માં પણ આર્થિક નબળા પરિવારો માટે આવાસ તૈયાર કરાશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર આ બન્ને ઠેકાણે રહેણાંક કોલોનીમાં તમામ પ્રકારની માળખાગત સુવિધાઓ ઉભી કરાશે. જેમાં દરેક એપાર્ટમેન્ટમાં પીવાના પાણી, લીફ્ટ, ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા , બગીચા વરસાદી પાણીને જમીનમાં ઉતારવાની સિસ્ટમ ગેસ પાઈપલાઈન સહીતની બાબતો પર કામ કરવામાં આવશે.

જયારે આગામી એપ્રિલ મહીનાના અંત સુધીમાં બન્ને યોજનાને અનુલક્ષી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જયારે કુલ ૯૯૩ આવાસોનુ કામ આગામી મેં મહીનામાં શરૂ કરી દેવા માટે ગુડાના સી ઈ ઓએ સુચના આપી છે. જેમાં વાવોલમાં બાંધવામાં આવનાર ૩૬૯ આવાસો રૂ ૩૦.૮૭ કરોડ અને સરગાસણમાં બાંધવાના થતા ૬૨૪ આવાસ માટે રૂ ૫૪.૪૧ કરોડનો ખર્ચનો અંદાજ મુકવામાં આવ્યો છે. જયારે વાવોલમાં ૩૨૦ નવા આવાસો બાંધવા માટે હાલ કામ ચાલી રહ્યુ છે. જેની પાછળ અંદાજિત રૂ ૨૭.૫૨ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગુડા દ્વારા વાવોલ, સરગાસણ સહીતના વિસ્તારમાં કુલ ૧૩૧૩ આવાસો બાંધવા માટે ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. જેની પાછળ અંદાજિત રૂ ૧૧૩ કરોડનો ખર્ચ કરાશે.

# ગુજરાતમાં રોડ અકસ્માતમાં ૪૫ થી ૪૮ ટકાનો ઘટાડો

### ટ્રાફિકના નિયમો વધુ કડક બનાવાતા અકસ્માતોમાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૧

સુપ્રિમ કોર્ટે આપેલી સૂચનાને ગંભીરતાથી લેતા રાજ્ય સરકારે ટ્રાફિકના નિયમોને વધુ આકરા બનાવ્યા છે જેના કારણે રોડ અકસ્માતોમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. રોડ અકસ્માતોમાં ૪૫ ટકાનો ઘટાડો થતાં ગુજરાતે નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ટ્રાફિકના નિયમોને વધુ આકરા બનાવાયા છે. રાજ્યના મુખ્ય પોલીસવડા આશિષ ભાટિયા દ્વારા ટ્રાફિક નિયમનને વધુ અસરકારક બનાવવા રાજ્ય સરકારમાં રજૂઆત કરાઈ હતી. જેના પરિણામે ટ્રાફિક પોલીસને નવા સાધનોની ફાળવણી થઈ છે. જેના કારણે ટ્રાફિક નિયમન વધુ અસરકારક બન્યુ છે. ટ્રાફિકના નિયમોના ભંગ બદલ આકરા પગલાં લેવાની સૂચનાઓ અપાતા માર્ગ અકસ્માતોમાં ધરખમ ઘટાડો નોંધી શકાયો છે. મુખ્ય પોલીસ વડાની દરખાસ્ત અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ટ્રાફિક નિયમન, રોડ સેફટી અંગેની જાણકારી સંદર્ભે ૪.૬૬ કરોડની ફાળવણી કરતા ગુજરાતે નવો કિર્તીમાન સ્થાપિત કર્યો છે. સતત લીધેલા આકરાં પગલાંઓને કારણે છેલ્લા ૯ વર્ષમાં માર્ગ અકસ્માતોમાં ૪૫ ટકાનો ઘટાડો નોંધી શકાયો છે.

સુપ્રિમ કોર્ટના સૂચન મુજબ રોડ સેફટી કમિટીની રચના રાજ્યમાં કરવામાં આવી છે. અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે સૂચન સાથે કડક પગલાંઓ લેવાતા તેનું પરિણામ મળ્યુ છે. રાજ્યના પ્રજાજનોને ટ્રાફિકના નિયમો અને રોડસેફટી અંગેની જાણકારી મળે અને જાગૃતતા આવે તે માટે રાજ્યમાં અવારનવાર ટ્રાફિક અવેરનેસ ઝુંબેશ કરવામાં આવે છે. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ વોટ્સએપ, ફેસબુક, ટ્વીટર અને ટીવી ચેનલોમાં ઝુંબેશ અંગે જાણકારી આપી જાગૃતિ ફેલાવવામાં આવે છે. સીસીટીવી કેમેરાનું ઈન્સ્ટોલેશન પણ ઉપયોગી રહ્યુ છે.

સ્કૂલવાન ચાલકોના આંખોની તપાસણી, વાહનોની બ્રેક ચેકઅપ, ચિત્રોનું પ્રદર્શન અને બાળકો માટે નિબંધ સ્પર્ધા, ટ્રાફિક સેમિનાર અને મેરેથોન જેવા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે ખુબ જ ઉપયોગી સાબિત થયા છે.

# આઝાદીના અમૃત મહોત્સવ વર્ષના વિશ્વ વન દિવસે ગુજરાતની દેશ માટે દિશાસૂચક પહેલ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયવ્યાપી 'નમો વડ વન' સ્થાપનાનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

ગાંધીનગર, તા. ૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશની આઝાદીના ૭૫ વર્ષ અવસરે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ વર્ષના આંતરરાષ્ટ્રીય વન દિવસ ૨૧ માર્ચે ગુજરાતમાં એક ઉદાહરણ રૂપ અને દેશને માર્ગદર્શક અભિયાનનો પ્રારંભ કરાવ્યો છે.





પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રિય એવા વડના વૃક્ષોના 'નમો વડ વન' રાજ્યમાં ઉભા કરવાના પર્યાવરણપ્રિય હેતુસર મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં વડ વૃક્ષ વાવીને આ અભિયાનની રાજયવ્યાપી શરૂઆત કરાવી હતી.

''નમો વડ વન'' અન્વયે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં ૭૫ વડ વન સ્થપાશે અને પ્રત્યેક વનમાં ૭૫ વડ વૃક્ષનું વાવેતર વન વિભાગ કરશે.

વડાપ્રધાનની પ્રેરણાથી ઉજવાઈ રહેલા આઝાદીકા અમૃત મહોત્સવ - આઝાદીના ૭૫માં વર્ષે વન વિભાગનું 'નમો વડ વન' નિર્માણ અભિયાન રાજયમાં વટવૃક્ષની પૌરાણિક અને ઐતિહાસિક મહત્તા પુનઃ પ્રસ્થાપિત કરશે. તેમજ ગ્રીન કવર વધારવાના રાજ્ય સરકારના અભિગમને પણ વેગ આપશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'નમો વડ વન'ના વાવેતર કાર્યક્રમમાં ૩૩ જિલ્લાના ૭૫ સ્થળોએ સહભાગી થયેલા નાગરિકો અને વન પ્રેમીઓને 'બાયસેગ'ના માધ્યમથી પ્રેરક સંદેશ આપ્યો અને સંવાદ કર્યો હતો. તેમણે કહ્યું કે વિશ્વ આખું ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામે ઝઝૂમે છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આપણે ગુજરાતમાં વન સાથે જન જોડીને રાજયમાં અલગ અલગ સ્થળોએ વનો ઊભા કર્યા છે. વન મહોત્સવો દ્વારા વધુને વધુ વૃક્ષારોપણથી ગ્રીન કવર વધારવાનો માર્ગ અપનાવ્યો છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે કોરોનાની વિશ્વવ્યાપી મહામારીએ આપણને સ્વચ્છ પ્રાણવાયુનું મહત્વ સમજાવી દીધુ છે. વધુને વધુ વૃક્ષો વાવીને કુદરતી પ્રાણવાયુ મેળવવા તેમજ વડના વૃક્ષ જેવા અક્ષયવૃક્ષથી સ્વચ્છ કુદરતી ઓક્સિજન પ્રાપ્ત કરવા આ વન મહોત્સવો અને હરિયાળી ક્રાંતિ ઉપયુક્ત બન્યા છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૫ ઘરોમાં અને ૫૧૦ પાણીના પાત્રોમાં મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૧

વાહકજન્ય રોગચાળો નિયંત્રણમાં રહે તે માટે આજથી જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા મેલેરિયાતંત્રએ ૧૧૭ જેટલી ટીમો બનાવી આ કામગીરીનો આરંભ કર્યો છે જે ૧લી એપ્રિલ ૨૦૨૨ સુધી ચાલશે.

તંત્રએ આજે તેની યાદીમાં જણાવ્યુ છે કે આજે તંત્રની ટીમે પ્રથમ દિવસે ૧,૧૫,૩૧૧ લોકોને સર્વેલન્સમાં આવરી લીધા છે. આ સર્વે દરમ્યાન ૧૭૮ જેટલા લોકોના લોહીના નમૂના મેળવી અને તપાસ માટે મોકલવામાં આવ્યો છે.

તંત્રની ટીમોએ આજે સર્વે દરમ્યાન ૨૭,૭૫૩ ઘરોની પણ તપાસ કરી હતી અને ૬૭,૧૦૮ પાત્રોની તપાસ કરવામાં આવી હતી. આ સર્વે દરમ્યાન ૪૧૫ ઘર અને ૫૧૦ પાત્રોમાં મચ્છરોના પોરા મળી આવતાં તાત્કાલિક પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

## હેપ્પી યુથ ક્લબના ''હેપ્પી સ્પેરો વીક-૨૦૨૨''નો પ્રારંભ કરાયો

સતત પાંચમા વર્ષે વિશ્વ ચકલી દિન નિમિત્તે ''હેપ્પી સ્પેરો વીક''નું આયોજન કરવામાં આવ્યું છે જે અંતર્ગત શહેરમાં વિવિધ સ્થળે પાંચ હજાર ''ચકલી-ઘર''નું વિના મૂલ્યે વિતરણ કરાઈ રહ્યું છે. આ સાથે હેપ્પી યુથ ક્લબ બાળકોને ચકલીઘર બનાવતા શીખવાડશે તેમજ શહેરમાં વિવિધ સ્થળે જળ સિંચનની વ્યવસ્થા સાથે માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરશે. આ અંતર્ગત અત્યાર સુધીમાં સેક્ટર-૧૨માં બલરામ મંદિરે, સેક્ટર-૧૬માં પાટનગર યોજના ભવન આગળ, સેક્ટર-૨૨માં જૈન દેરાસર સામે અને સેક્ટર-૨માં સ્વામિનારાયણ મંદિર પાસે હેપ્પી ચકલી ઘરનું વિતરણ કરવામાં આવ્યું હતું. હવે મંગળવારે સવારે ૮.૩૦ થી ૧૦ કલાક દરમ્યાન વાવોલમાં સ્વામી વિવેકાનંદ શોપિંગ સેન્ટર ખાતે અને બુધવારે સવારે કુડાસણમાં પ્રતિક મોલમાં રાજવી ફુડ કોર્નર પાસે વિના મૂલ્યે હેપ્પી ચકલી ઘરનું વિતરણ યોજાશે.



## એમ.બી. પટેલમાં માટીના રમકડાં બનાવવાની પ્રવૃત્તિનું આયોજન

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૨માં સહ અભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત માટીનાં રમકડાં બનાવવાની પ્રવૃત્તિમાં વિદ્યાર્થીની બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીરુબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

# ગણપત યુનિવર્સિટીએ ઉજવ્યો ''વિદ્યા-શિલ્પી દિવસ''

ગણપતવિદ્યાનગર, તા. ૨૧

''જો કોઈ યુનિવર્સિટી, કોઈ કોલેજ, કોઈ ગુરૂજી તેના વિદ્યાર્થીને માત્ર તેણે લીધેલા શિક્ષણનું જ પ્રમાણપત્ર આપે તો તે 'હેપીનેસ'નું સર્ટિફિકેટ નથી. પરંતુ જો તેને શિક્ષણની સાથે 'વેલ્યુઝ' પણ આપ્યાનું - સંસ્કારોના સિંચનનું પણ સર્ટિફિકેટ આપે તો તે 'હેપીનેસ'નું સર્ટિફિકેટ છે. જીવનમાં સુખ-સમૃદ્ધિ પામવાની ક્ષમતાનું પ્રમાણપત્ર છે.''

આ મુલ્યવાન શબ્દો છે ઈસ્કોન-રોહિણી, નવી દિલ્હીના આદરણીય સંત પૂ. કેશવ મોરારીદાસજીના.

ગણપત યુનિવર્સિટીના પ્રથમ અને પૂર્વ પ્રમુખ અનિલભાઈ પટેલના જન્મ દિવસને ''વિદ્યાશિલ્પી'' દિવસ તરીકે તાજેતરમાં ઉજવાયો તે અવસરે ખાસ ઓનલાઈન ઉપસ્થિત રહેલા સાધુ કેશવ મુરારીદાસજીએ પોતાના ચાવીરૂપ પ્રવચનના વિષય ''એજ્યુકેશન એન્ડ મીનીંગફૂલ લાઈફ'' વિષે બોલતા વધુમાં કહ્યું હતું કે ઈસ્કોનના સ્થાપક સ્વામિ પ્રભુપાદજી એકવાર અમેરિકાની એક યુનિવર્સિટી, એક કોલેજની મુલાકાતે ગયા હતા. ત્યાં એમણે જોયું કે કોલેજમાં શિક્ષણના અનેક વિભાગો હતા. ભણાવવાની દરેક સુવિધા હતી. ત્યારે એમણે આચાર્યને પૂછ્યું કે તમારી કોલેજમાં 'ડિપાર્ટમેન્ટ ઓફ વેલ્યૂઝ' છે ?

આચાર્ય સાહેબે કહ્યું, ના. તો પ્રભુપાદજીએ કહ્યું કે તો કોલેજમાં કંઈ નથી એમ સમજો. શિક્ષણ સાથે જો વિદ્યાર્થીઓના ઘડતરમાં મૂલ્યોને આપણે સાંકળતા નથી તો એ શિક્ષણનું જીવનમાં કોઈ મૂલ્ય નથી.

દુનિયાભરમાં શિક્ષણ વધતું જ જાય છે. ગ્રાફ ઉંચોને ઉંચો ચડતો જાય છે. માણસની કમાવાની શક્તિ વધતી જાય છે. સુખ, સમૃદ્ધિ પણ વધતી જાય છે. નવી નવી ટેકનોલોજીના પણ આવિષ્કાર થતા રહે છે, છતાં સમાજમાં હિંસા, ગુન્હાખોરી, બળાત્કારો, છેતરપીંડી ને આંતંકવાદ, યુદ્ધો પણ વધી રહ્યા છે તેનું શું કારણ ? કારણ કે શિક્ષણની સાથે દરેક વિદ્યાર્થીને મૂલ્યો નથી મળતાં. જુવનના આદર્શો અને સંસ્કારોનું શિક્ષણ નથી મળતું તે માટે દરેક માતા-પિતાની, શિક્ષકની અને સમાજના નેતૃત્વની ફરજ છે કે યુવાનોને મૂલ્યોની વિદ્યા પણ શીખવવામાં આવે. આવું જ્ઞાન તે સુખનો માર્ગ બની રહે છે.''

## મને ગાંધીનગર ગમે છે...

● પાંચમા પાનું ચાલુ

ઉભુ રહી જતું દેખાયુ છે. તેના ત્રણ પ્રત્યક્ષ ઉદાહરણ સ્મરણવગા છે (૧) ૧૯૯૪-૯૫મા એક નાની બાળકી રુચીનું અપહરણ થયું ત્યારે આખું ગાંધીનગર હિબકે ચડ્યું હોય એવું અનુભવાયુ હતું (૨) ૨૦૦૧ના ભુકંપ વખતે આખા ગાંધીનગરે એક થઈને કચ્છના ભુકંપગ્રસ્તોની ચાકરી કરી હતી અને (૩) શહેરના અક્ષરધામ પર થયેલા આતંકવાદી હુમલા વખતે આખું નગર એક થઈને ઊભું રહી ગયું હોય એવો માહોલ સર્જાયો હતો. ગાંધીનગરમાં વસતો પ્રત્યેક માણસ આ શહેર ઉપર આવતી આફત પોતાના પર આવી હોય એવો ભાવ અનુભવતો હોય છે.આ સંવેદનશીલતા એ આ ધરતીની દેન છે અને એટલે આવું સંવેદનશીલ ગાંધીનગર મને બહુ ગમે છે.

ગાંધીનગરમા વસનારાઓ પૈકીના મોટાભાગના લોકોનું મૂળ વતન આ શહેર નથી અને છતાં આ શહેર છોડીને કોઈને જવું નથી.તેનું કારણ શું? આ પ્રશ્નનો જવાબ એવો મળે છે કે નગરનું નૈસર્ગિક સૌંદર્ય,ચોવીસ કલાક લાઈટની સુવિધા અને પુરતા અને ભરપૂર પાણીની ઉપલબ્ધિ જેવી સુંદર સગવડતાનો લોકોને હેવા(ટેવ)પડી ગયો છે અને ઉમેરણમા મનને ગમતી હોય એવી તમામ પ્રવૃતિઓ અહીં પ્રાપ્ત છે એટલે આ સુખ પ્રદેશ કોઈને છોડવો ગમતો નથી.માનવ મનમાં આ રીતે ઘર કરી જવાની આવડત આ નગરમાં હોવાથી આ ગાંધીનગર મને બહુ જ ગમે છે.

આ નગર પાસે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની ફિલસૂફીને સમજવાની તમન્ના રાખતા લોકો અને સમજાવવાની ક્ષમતા ધરાવતા મહાનુભાવો હાજરાહજુર છે,નાટક કે નૃત્ય કરવું હોય કે ગીત ગાવું હોય તેની સુવિધા આ નગરમાં છે.કુદરતનુ સાનિધ્ય હાથવગું છે.આ એક એવું શહેર છે જ્યાં શાંતિનું સાતત્ય સતત જળવાતુ રહે છે.આ કારણે મને ગાંધીનગર બહુ ગમે છે.

ગાંધીનગર વિશે લખવું એટલે "હરિ અનંતા હરિ કથા" અનંતા જેવો ઘાટ થાય પણ જો ટૂંકમા કહેવું હોય તો એવું કહી શકાય કે આ મેળાનું શહેર છે.અહીં સૌ પરસ્પરને મળે છે ત્યારે મેળો માણ્યાનો આનંદ મેળવે છે. આ બધું મેળે મેળે થાય છે એટલે આ નગર મને બહુ જ ગમે છે.ગાંધીનગર એ સતત વિકસતું નગર છે, બદલાતુ નગર છે,વહેતુ નગર છે તેને કારણે દરરોજ એનામાં એક તાજગી ઉમેરાય છે અને એટલે મને તાજગીસભર ગાંધીનગર બહુ ગમે છે.

## પાણીનો સપ્લાય...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેડાયુધ્ધની સ્થિતિ જોવા મળતી હતી જો કે શહેરી વિસ્તારના ગામોમાં પણ હાલ નળ સે જળ યોજના અન્વયે નવા જોડાણ આપવા માટે પાઈપલાઈનનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં નવા જોડાણ પણ આપી દેવાશે. ત્યારે સેકટરોમાં ઉનાળા દરમિયાન ઉઠતી પાણીની પોકારના લીધે રહેણાંક વિસ્તારમાં પણ ટેન્કરની ડિમાન્ડ વધી જાય છે. ત્યારે નવી લાઈન નાંખવાનુ કામ પુર્ણ થયા બાદ સેકટરોમાં પાણીની સમસ્યા મોટાભાગે હલ થઈ જશે તેમ પણ મનાઈ રહ્યુ છે. જો કે આ કામગીરી પુર્ણ થતા હજુ સમય લાગશે પરંતુ સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં પાણી ગટરની વર્ષો જુની લાઈન બદલવાનુ કામ પુર્ણ થતા નગરજનોને યોગ્ય સેવા મળી રહેશે.

## બોઈંગ ૭૩૭...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી, જેમાં આ દુર્ઘટના વિશે જાણ થઈ હતી. આ વિમાન કુનુમિંગથી સ્થાનિક સમય પ્રમાણે સોમવારે બપોરે ૧ વાગ્યે રવાના થયું હતું પરંતુ તે નિર્ધારિત સમયે ગુઆંગઝો નહોતું પહોંચ્યું. હજુ સુધી આ દુર્ઘટના અંગે ચીન દ્વારા સત્તાવાર માહિતી પૂરી પાડવામાં આવી નથી.

ચીનનુ બોઈંગ ૭૩૭ કુનમિંગથી ગુઆંગઝોહુ તરફ જઈ રહ્યુ હતુ. ગુઆંગઝી વિસ્તારમાં આ ઘટના થઈ હતી. આના કારણે ત્યાં પહાડોમાં પણ આગની લપેટ જોવા મળી રહી છે. ઝિન્હુઆના અનુસાર, બચાવ દળ હવે ઝડપથી ઘટના સ્થળે પહોંચી રહ્યુ છે. જે વિમાન ક્રેશ થયું તે માત્ર સાડા છ વર્ષ જૂનુ હતુ. જૂન ૨૦૧૫માં એરલાઈન્સે આને લીધું હતું. એમયુ ૫૭૩૫માં કુલ ૧૬૨ બેઠક હતી, જેમાં ૧૨ બિઝનેસ ક્લાસ અને ૧૫૦ ઈકોનોમી ક્લાસવાળા હતા. બોઈંગ ૭૩૭ નાની અને મધ્યમ અંતરની હવાઈ યાત્રા માટે સારુ વિમાન માનવામાં આવે છે. ત્યાં ચાઈના ઈસ્ટર્ન ચીનની ત્રણ મુખ્ય એરલાઈન્સ કંપનીઓમાંની એક છે.

ચીનમાં છેલ્લી વાર આવી મોટી ઘટના ૨૦૧૦માં થઈ હતી. જ્યારે એબ્રેર ઈ -૧૯૦ ક્રેશ થયુ હતુ. જેમાં ૯૬ લોકો સવાર હતા, જેમાંથી ૪૪ ના મોત થયા હતા. આ ઘટના ઓછી દશ્યતાના કારણે થઈ હતી.

## રાજ્યસભામાં જશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માનવામાં આવી રહ્યું છે કે પ્રદેશની ૭માંથી ૬ રાજયસભા સીટ આપના ફાળે જશે. પંજાબમાં જે ૫ રાજયસભા સભ્યોનો કાર્યકાળ પૂરો થઈ રહ્યો છે તેમાં સુખદેવ સિંહ, પ્રતાપ સિંહ બાજવા, શ્વેત મલિક, નરેશ ગુજરાલ, અને શમશેર સિંહ દુલ્લો સામેલ છે.

આપે ઉમેદવાર તરીકે લવલી યુનિવર્સિટીના ચાન્સેલર અશોકકુમાર મિત્તલનું નામ ફાઈનલ કર્યું છે. તેઓ શિક્ષણ ક્ષેત્રમાં પોતાના કામ અને સમાજસેવા માટે જાણીતા છે. સામાન્ય પરિવારમાંથી આવનારા અશોક મિત્તલે પોતાના દમ પર સફળતા મેળવીને સમાજ તથા પંજાબની સેવા માટે એલપીયુની સ્થાપના કરી હતી. જાણીતા પૂર્વ ક્રિકેટર હરભજન સિંહને તો કોણ નથી ઓળખતું? આ બાજુ રાઘવ ચડ્ઢાની વાત કરીએ તો રાધવ ચડ્ઢા દિલ્હી જળ બોર્ડના ઉપાધ્યક્ષ પણ છે. રાજનીતિમાં આવતા પહેલા રાઘવ ચડ્ઢા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નોકરી કરતા હતા. રાઘવ નીડર થઈને પોતાની વાત રજુ કરવા માટે જાણીતા છે. હાલમાં રાઘવ ચડ્ઢા દિલ્હી વિધાનસભાની રાજેન્દ્રનગર સીટથી ધારાસભ્ય છે. તેઓ જો રાજ્યસભા પહોંચશે તો દેશમાં સૌથી ઓછી ઉંમરના રાજ્યસભા સાંસદ હશે. આ અગાઉ ૩૫ વર્ષના મેરીકોમ સૌથી યુવા સાંસદ બન્યા હતા. આ ઉપરાંત તેમણે રાજસભામાં જવા માટે પોતાની વિધાનસભા સીટ પણ છોડવી પડશે.